તાજેતરમાં સમગ્ર જિલ્લામાં રાષ્ટ્રીય કૃમિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જે અંતર્ગત કલોલ તાલુકાના કોઠા ગામે પણ સરકારી પ્રાથમિક શાળામાં ઉજવણીનું આયોજન કરાયું હતું. રાષ્ટ્રીય કૃમિ દિવસ નિમિત્તે શાળાના વિદ્યાર્થીઓને આરોગ્ય વિભાગના કર્મચારીઓએ કૃમિ અંગે મહત્વની જાણકારી અને સમજણ આપી હતી. કાર્યક્રમના સમાપને તમામ વિદ્યાર્થીઓને કૃમિનાશક ગોળીઓ પણ આપવામાં આવી હતી.

સવા ત્રણ લાખ બાળકોને કૃમિનાશક દવાનો ડોઝ અપાયો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ૩,૨૫,૩૨૪ બાળકોને કૃમિનાશક ગોળીનો ડોઝ નેશનલ ડીવોર્મિંગ ડે ના દિવસે વિતરીત કરી ગળાવવામાં આવી હતી.

જિલ્લામાં ૮૩.૮૩ ટકા સિદ્ધિ આ દિવસે મેળવી હતી. જિલ્લામાં બાકી રહી ગયેલા બાળકોને ૧૬મીના મોપઅપ રાઉન્ડમાં આવરી લેવામાં આવશે.

જિલ્લામાં ગ્રામ્યસ્તરે ૮૩.૧૩ ટકા લક્ષ્યાંક સિદ્ધિ પ્રાપ્ત થઈ છે જ્યારે શહેરી વિસ્તારમાં આ સિદ્ધિ ૮૭.૪૯ ટકા નોંધાઈ છે. જિલ્લાતંત્રએ આ માટે ખાસ સેન્ટરો પણ ઉભા કર્યા છે.

મેઘ મહેરથી પાણીનો ભરાવો થતા ‘‘મચ્છર-માખી’’ની ઉત્પતિ વધી

શહેરમાં મેલેરિયા સહિતના તાવના દર્દીઓમાં વધારો : ખુલ્લા પ્લોટો, ખાડા ખાબોચિયાંમાં ભરાયેલા પાણીમાં જંતુનાશક દવાનો છંટકાવ જરૂરી બન્યો

છેલ્લા એક સપ્તાહમાં ગાંધીનગરમાં મેઘમહેર પ્રાપ્ત થતા સર્વત્ર આનંદની લાગણી પ્રસરવા પામી છે. વર્ષાઋતુનું એક અનેરૂ સૌંદર્ય હોય છે અને અનોખી ઉપયોગિતા પણ રહેલી છે તે સાથે સાથે આ મોસમના કેટલાંક પાસા એવા પણ છે જે નાગરિકોને મુશ્કેલી પણ ઉભી કરી શકે છે. વરસાદના આગમન સાથે જ શહેરમાં ખુલ્લા પ્લોટો, ખાડા-ખોબાચિયાં તથા જ્યાં ત્યાં વેરાયેલા કચરા-ભંગારમાં વરસાદી પાણીના ભરાવો થવા લાગ્યો છે જે માખી-મચ્છર સહિતના રોગજન્ય જીવાણુઓની ઉત્પતિને અવકાશ આપી રહ્યો છે.

શહેરમાં વરસાદી માહોલમાં અનેક નીચાણવાળા ભાગો, ખુલ્લાં પ્લોટો, નાના-મોટા ખાડાઓ વગેરેમાં પાણી ભરાઈ ગયું છે. રસ્તાની આસપાસમાં પણ કાદવ-કિચડનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરમાં અનેક જગ્યાએ ખુલ્લામાં કચરો-ભંગાર વેરાયેલો પડ્યો છે તેમાં રહેલી

ચીજવસ્તુઓમાં પણ વરસાદી પાણી ભરાવા પામ્યું છે. હવે આ પાણીમાં મચ્છરોની ઉત્પતિ થવા લાગી છે અને છેલ્લાં ઉનાળાની આકરી ગરમીમાં ‘મચ્છર’ને ભુલી ચુકેલા ગાંધીનગરવાસીઓને હવે મચ્છર ચટકવા લાગ્યાં છે. આ કારણે શહેરમાં મેલેરિયા સહિત તાવના દર્દીઓમાં વધારો થયો છે અને માખી-મચ્છરના ઉપદ્રવને કારણે નાગરિકો ઋતુજન્ય બિમારીઓનો ભોગ બનવા લાગ્યા છે. શહેરના દવાખાના દર્દીઓથી ઉભરાવા લાગ્યા છે અને આ સમસ્યા ‘ઉઘાડ’ નીકળતા વધુ વકરવાની વકી છે. શહેરમાં ખુલ્લી જગ્યામાં ભરાયેલા પાણી કે ખાડા-ખાબોચિયાં વગેરે ઉપરાંત કચરાના ઢગ વગેરેમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવો આવશ્યક જણાઈ રહ્યો છે, સત્વરે તંત્ર દ્વારા પગલાં લેવાય તેવું નગરજનો ઈચ્છી રહ્યાં છે.

સામાજીક એકતા જાગૃતિ મિશનની પ્રદેશ કારોબારી સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં રવિવારના રોજ સામાજીક એકતા જાગૃતિ મિશનની ગુજરાત પ્રદેશની કારોબારી સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાષ્ટ્રીય સંયોજક, પ્રદેશ પ્રભારી, પ્રદેશ અધ્યક્ષ,ઝોનલ કાર્ડીનેટર સહિત કારોબારી સભ્યો હાજર રહ્યા હતા.

સામાજીક એકતા જાગૃતિ મિશનની પ્રદેશ કારોબારીની બેઠકમાં તમામ જિલ્લા અધ્યક્ષોની કામની સમીક્ષા કરવામાં આવી હતી.રાજયના કામદારોના બંધારણીય અધિકારો માટે રાજ્ય વ્યાપી મજદુર આંદોલનની ઘોષણા કરાઈ હતી. એકતા જાગૃતિ મિશન દ્વારા રાજયના તમામ જિલ્લામાં કુલ ૮ મુદ્દાઓ પર આંદોલન ચલાવવામાં આવશે. રાજયના વિવિધ પદ પર ખાલી પડેલી જગ્યાઓ પૈકી બેગલોગની ૨ લાખ જગ્યાઓ તાત્કાલીક ભરવામાં આવશે.સરકારી તમામ અને ખાનગી નોકરીઓમાં કામ કરતા કર્મચારીઓની કાયમી ધોરણે ભરતી કરવામાં આવે અને આઉટસોર્સિંગ પ્રથા નાબુદ કરવામાં આવે, યુવાનોને રૂ.૫ હજાર

બેરોજગારી ભથ્થુ આપવામાં આવે,આશાવર્કર આંગણવાડી, ગ્રામ રોજગાર સેવક, વિલેજ કોમ્પ્યુટર ઓપરેટર સહિતના તમામ નોકરીયાતોને કાયમી કરવામાં આવે, ખાનગી કંપનીમાં કામ કરતા કામદારોને માનદ વેતન આપવામાં આવે, વિદ્યાર્થીઓને કેજી થી પીજી સુધીનું શિક્ષણ ફ્રી આપવામાં આવે, કામદારોની સમસ્યાના ઉકેલ માટે તાત્કાલીક લેબર કોર્ટ બનાવવામાં આવે તે સહિતનો સમાવેશ થાય છે. આ તમામ મુદ્દાઓને લઈને રાજયના ૩૩ જિલ્લાઓમાં અસંખ્યા રેલીઓ અને સભાઓને સંબોધવામાં આવશે તેમજ તા.૧ મે ૨૦૨૦ ના દિવસે આંતર રાષ્ટ્રીય મજુર દિવસ નિમિતે ગુજરાતની રાજધાની ગાંધીનગર મુકામે એક વિશાળ મજુર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે તેમ પ્રદેશ પ્રભારીએ જણાવ્યું છે.

છેલ્લા ૭ વર્ષથી નાસતો ફરતો આરોપી સે-૭ પોલીસે પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના નાસતા ફરતા આરોપીઓની શોધખોળ કરીને તપાસ કરીને પકડી પાડવા માટે નાયબ પોલીસ અધિક્ષકની સુચના અન્વયે સેકટર-૭ પીઆઈ ટી.આર.ભટ્ટના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડના એએસઆઈ જીતેન્દ્રસિંહ દલપતસિંહ અને સ્ટાફના કર્મચારીઓને સંયુકત બાતમી મળી હતી કે સેકટર-૭ પોલીસ મથકમાં ઈ.પી.કો.ક. ૩૭૯,૩૮૦,૪૫૪,૪૫૭.૪૧૧,૧૧૪ ના ગુનામાં છેલ્લા ૭ વર્ષથી નાસતો ફરતો આરોપી દશરથ જગા ચૌહાણ (પરમાર) ઉં.વ.૩૫ રહે. ગાંગોલ તા.દિયોદર જી.બનાસકાંઠાને પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે.

રાજ્યમાં ભારે વરસાદનું જોર ઘટ્યુ

સૌરાષ્ટ્ર અને કચ્છ સહિતના ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં મોનસુન જોરદાર રીતે સક્રિય થયેલું છે. જેના ભાગરૂપે હાલમાં ગુજરાતમાં ભારે વરસાદનો માહોલ જામેલો છે. જોકે, આજે રવિવારના દિવસે વરસાદનું જોર ઘટતા તંત્રને આંશિક રાહત થઈ હતી. પુરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે યથાવત રીતે જારી રાખવામાં આવી હતી. સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિસ્તારોમાં હાલ અતિભારે વરસાદ થયો છે. કચ્છ, મોરબી અને સુરેન્દ્રનગર જેવા વિસ્તારોમાં ભારે વરસાદ બાદ સ્થિતિને હળવી કરવાના પ્રયાસો જારી રાખવામાં આવ્યા છે. વરસાદનું જોર ઘટ્યા બાદ તંત્ર દ્વારા રાહત કામગીરી વધુ ઝડપી કરવામાં આવી હતી. સાફ સફાઈ અભિયાનને પણ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોને સલામત લઈ જવામાં આવ્યા છે. બીજી બાજુ ગુજરાતમાં હજુ પણ ભારે વરસાદની ચેતવણી અકબંધ રાખવામાં આવી છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને ખાસ કરીને દ્વારકા, જામનગર અને કચ્છમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં ડાંગ, નવસારી, વલસાડ, તાપીમાં પણ ભારે વરસાદની આગાહી કરાઈ છે. ગુજરાતમાં વરસાદ સંબંધિત બનાવોમાં હજુ સુધી ૨૨થી વધુ લોકોના મોત થઈ ચુકયા છે. બંગાળની ખાડીનાં લો-પ્રેશરની અસરોથી રાજ્યમાં મેઘરાજાએ ધમાકેદાર બેટીંગથી ગુજરાતમાં અત્યારસુધી સીઝનનો કુલ ૮૪ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. જેથી રાજ્યમાં હવે આવનાર એક વર્ષ સુધી પીવાના પાણી અને સિંચાઈના પાણી માટે કોઈ પ્રશ્ન ઉભો નહી થાય. હવામાન વિભાગના આંકડા મુજબ, ગુરુવાર રાતથી શનિવાર સવાર સુધી રાજ્યમાં અનરાધાર વરસાદથી તા.૧ જુનથી તા.૧૦ ઓગસ્ટ સુધી ગુજરાતમાં સરેરાશ ૪૫૮.૮ મીમી વરસાદની સામે ૫૨૮.૮ મીમી વરસાદ એટલે કે સરેરાશ કરતાં ૧૫ ટકા વધુ વરસાદ નોંધાયો હતો.

તલોદના રાધાકૃષ્ણ મંદિરમાં શ્રાવણ માસ દરમિયાન ભવ્ય હિંડોળા દર્શન તેમજ શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન થયેલ છે. મોટી સંખ્યામાં વૈષ્ણવો દર્શન અને કથાશ્રવણનો લાભ લઈ રહ્યા છે. કથાના વક્તા તલોદના વિદ્વાન કથાકાર પૂ. બ્ર. ડોંગરેજી મહારાજના શિષ્ય હરિપ્રસાદ કે. શાસ્ત્રી પૂ. ડોંગરેજી મહારાજની શૈલી - છટાથી કથાનું રસપાન કરાવી રહ્યા છે.

બગોદરા-ધંધુકા હાઈવે ભારે વરસાદના પગલે બંધ કરાયો

અમદાવાદ, તા.૧૧

છેલ્લા એક સપ્તાહથી રાજયભરમાં મેઘરાજાએ જોરદાર જમાવટ કરી છે ત્યારે અમદાવાદ શહેર અને જિલ્લામાં પણ છેલ્લા ત્રણ-ચાર દિવસથી જોરદાર વરસાદી માહોલ જોવા મળ્યો હતો. ગઈકાલે પણ અમદાવાદ શહેર અને જિલ્લાના પંથકોમાં જોરદાર અને ભારે વરસાદ નોંધાતા આસપાસના પંથકો અને હાઈવેના માર્ગો પર પણ વરસાદી પાણી ફરી વળ્યા હતા. જેમાં બગોદરા-ધંધુકા હાઈવે પાણીમાં ગરકાવ બનતાં પોલીસે આ હાઈવે વાહનવ્યવહાર માટે બંધ કરાવ્યો હતો. ભારે વરસાદના કારણે ધંધુકાનું ઝીંઝર તળાવ પણ ફાટયું હતું અને તેના કારણે આસપાસના વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળ્યા હતા. બીજીબાજુ, ભારે પાણી ભરાતાં રાજકોટ-ધોલેરા હાઈવે પણ બંધ કરવામાં આવ્યો હતો. ધોળકા પાસે ફેદરા-વટામણ ચોકડી હાઈવે પર પાણી ફરી વળતાં ભાવનગર તરફનો રોડ બંધ થયો હતો. અમદાવાદ જિલ્લાના વિરમગામ પંથકમાં વિરોચનનગરમાં કેનાલ તૂટતાં આસપાસના સો વીઘા ખેતરોમાં કેનાલના પાણી ફરી વળ્યા હતા. નળકાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં આજે ભારે વરસાદ નોંધાયો હતો. બાવળા હાઈવે પણ બેથી ચાર ફુટ સુધીના પાણી ભરાયા હતા, જેને પગલે હાઈવે બંધ કરાયો હતો. વિશ્વામિત્રી નદીમાં પૂરને પગલે વડોદરા શહેરના કાંઠા વિસ્તારમાં પાણી ભરાયા છે. જોકે હાલ વિશ્વામિત્રીની સપાટી ઘટીને ૨૯.૫૦ ફૂટ થઈ છે અને આજવા ડેમની સપાટી ઘટીને ૨૧૧.૯૫ ફૂટ થઈ છે. જોકે ગત મોડી રાતથી વિશ્વામિત્રી નદીની સપાટીમાં વધારો ન થતાં લોકો અને તંત્રએ હાશકારો અનુભવ્યો છે. જોકે પૂરની પરિસ્થિતિને પહોંચી વળવા માટે તંત્ર સાબદુ બન્યુ છે. તો, સુરતના ઉકાઈ ડેમના ૧૩ દરવાજા ખોલવામાં આવ્યા હતા. ઉપરવાસમાં પડેલા જોરદાર વરસાદના કારણે ઉકાઈ ડેમની સપાટી ૩૩૭ ફુટ પર પહોંચી હતી અને તેથી ડેમના દરવાજા ખોલવાની ફરજ પડી હતી. જેને પગલે તાપીમાં પણ નવા નીરની આવક વધી હતી. સરદાર સરોવર ડેમના દરવાજા ખોલાતાં ગરૂડેશ્વર વિયર ડેમ ઓવરફલો થયો હતો અને રેવા નદી બે કાંઠે વહેતી થઈ હતી.

મહીસાગર જિલ્લામાં આવેલ કડાણા ડેમમાં વરસાદી માહોલ વચ્ચે ડેમની આવકમાં વધઘટ જોવા મળી હતી. છેલ્લા બે દિવસથી થઈ રહેલા વરસાદથી કડાણા ડેમની કુલ સપાટી ૧૨૭.૭૧ મીટર છે જ્યાં હાલની સપાટી ૧૨૫.૪૮ પહોંચતા જળસંગ્રહના ૮૦ ટકા થઈ ગયો છે. જેથી ઉમરેઠનાં ૬, આણંદનાં ૬, બોરસદનાં ૧૨ અને આંકલાવનાં ૧૨ ગામોને તંત્ર દ્વારા એલર્ટ જાહેર કરાયા હતા. સમગ્ર મહિસાગર જિલ્લામાં વરસાદ અને ઉપરવાસમાં થયેલ વરસાદને કારણે પાછલા બે દિવસમા કડાણા ડેમમાં પાણીની આવકમાં ધરખમ વધારો જોવા મળ્યો હતો. જે એક સમય માટે પાણીની આવક ૨ લાખ ક્યુસેક સુધી પહોંચી ગઈ હતી અને ડેમમાં પાણીની સપાટી ગત ૪૮ કલાકમાં ૧૫.ફૂટ વધીને હાલ ૪૧૧.૮ફૂટે પહોચી ગઈ છે. દરમ્યાન જૂનાગઢ જિલ્લાના માણાવદર પાસે આવેલા સણોસરા ગામે તળાવમાં ડૂબી જવાથી બે બાળકોના મોત થયા હોવાની ઘટના સામે આવી હતી.

૫૦ ટકા વરસાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અસ્તિત્વમાં આવ્યા છે. કેટલાક ઠેકાણે વરસાદના આગમનની સાથે ગંદકીના ઢગ ખડકાયા છે. નમી પડેલા વૃક્ષો અને તોતિંગ ડાળીઓ પણ નગરજનો માટે ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૪ ડી ગ્રી વધ્યુ હતુ. જયારે ગઈકાલ રાતથી અત્યાર સુધીમાં અડધો ઈંચ વરસાદ થયો હતો. શહેરમાં સિઝનનો ૩૭૭ મી મી વરસાદ થયો છે.

ગણતરીમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે સૌથી વધારે પ્રમાણમાં વસ્તી અને સેક્ટરો ઘ રોડ ઉપર અને તેની બાજુના ગ રોડ ઉપર આવેલી છે. આ ઉપરાંત બસ સેવાનો ઉપયોગ કરનારા મુસાફરો પણ સૌથી વધુ આ રોડ-વિસ્તારના છે. આ સંજોગોમાં અમદાવાદથી પરત ફરતા મુસાફરોને ઘરે પહોંચવામાં જેને ઘ રોડ અનુકૂળ આવે એવા મુસાફરોને ફરજિયાત પણે પોતાના વાહન સાથે પથિકાશ્રમ કે ઘ-ઝીરો ઘ-૨ આવીને વાહન પાર્ક કરીને બસમાં જવું પડે છે. ગઅને ઘ રોડની બસો છે ખરી પરંતુ જરૂરિયાતના પ્રમાણમાં નથી. ટ્રાફિક નિયમન કરવું હોય તો વધુને વધુ પ્રમાણમાં નાગરિકો પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરેએ માટે પગલાં ભરવા જોઈશે. પરંતુ જે રીતે રેસિડેન્સીયલ અને વ્યવસાયના સ્થળ ઊભા થાય છે તેવી રીતે કે તે અનુસાર ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે વ્યવસ્થા ઊભી થઈ નથી. આ પ્રશ્નો ઉકેલવા માટે માત્ર એસ.ટી.તંત્ર નહીં પરંતુ વસાહત મંડળ અને પબ્લિક ટ્રાન્સપોર્ટનો જેઓ ઉપયોગ કરે છે તેમની સાથે બેસીને રેશનલ રુટ્સનું આયોજન કરવું જોઈએ. ગાંધીનગર એક એવું નગર છે કે જ્યાં વસાહત મંડળ નાગરિકોના પ્રશ્નો તંત્ર સમક્ષ એક જવાબદેહી તરીકે રજુ કરીને નિરાકરણ લાવવામાં પ્રયાસ કરે છે, ટ્રાફિકના પ્રશ્નોમાં પણ વસાહત મંડળ અને અન્ય સંસ્થા સંગઠનો સાથે રાખીને જો ભવિષ્યનું આયોજન કરવામાં આવે તો ચોક્કસપણે અત્યારની અને આવનારી ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ મેટ્રોરેલ કે બ્રીજ કે પહોળા રસ્તાથી નહીં નાગરિક જાગરુકતાથી જ આવી શકશે.

ખરીફ વાવેતર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૮૦૭૫ હેક્ટરમાં, ગુવારનું વાવેતર ૪૯૦૬ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૧૦૨૫૨ હેક્ટરમાં તેમજ ઘાસચારાનું વાવેતર ૨૪૪૩૦ હેક્ટરમાં થયુ છે. જિલ્લામાં ગુવાર, દિવેલા, શાકભાજી તેમજ મગના પાકના વાવેતર વિસ્તારમાં સારા વરસાદ પછી વધારો થશે તેવુ ખેડૂતોનું કહેવુ છે. બીજી તરફ તંત્રએ પણ દાવો કર્યો છે કે જિલ્લામાં બિયારણ અને ખાતરનો જથ્થો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. અનિયમિત ચોમાસાને કારણે ખરીફ ઋતુનું વાવેતર તબક્કાઓમાં વહેંચાયુ જરૂર છે પણ જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર તેની સરેરાશ વાવેતરને આંબી જશે તેમ પણ આ સૂત્રોએ ઉમેર્યુ છે.

જિલ્લામાં હજુ પણ સારો પાછોતરો વરસાદ થશે તેવુ ખેડૂતો માની રહ્યા છે. ઋતુચક્રમાં બદલાવ થયો હોવાથી વાવણી મોડી જરૂર છે પણ હાલ પાકની સ્થિતિ સારી છે અને ઉત્પાદન સારૂ થશે તેવુ ખેડૂતો માની રહ્યા છે.

એવોર્ડ વિજેતા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રોલ મોડેલ બનાવવા ત્યાં વિઝીટીંગ સેન્ટરના નિર્માણ માટે દરેક જિલ્લાને રૂ. પાંચ લાખ ફાળવ્યા હતા. આ પંચાયતોની મુલાકાતે અન્ય રાજ્યોના તેમજ અન્ય મહાનુભાવો અવારનવાર મુલાકાતે આવતા હતા તેથી પંચાયતનું એક અદ્યતન વિઝીટીંગ સેન્ટર હોય તેવો આશય સરકારનો હતો. આ બાબતે જિલ્લાકક્ષાએથી કોઈ જ કાર્યવાહી નહિ થઈ હોવાનું સરકારના ધ્યાને આવ્યુ છે. સરકારે નકશા, અંદાજપત્રો અને નાણાંકીય ખર્ચની વિગતો માંગી પણ ખર્ચ થયો ન હોવાથી સરકારે તંત્રને વહીવટીય નિષ્ફળતાનું બિરૂદ આપી આ દિશામાં સત્વરે કાર્યવાહી કરવા સૂચના આપી છે.

જયશંકર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૩૭૦ની નાબૂદી બાદ ભારતના ચુકાદાને લઈને વિશ્વના દેશો ભારતની સાથે દેખાઈ રહ્યા છે. રાજનેતામાંથી વિદેશ મંત્રી બનેલા જયશંકર ૨૦૦૯થી ૨૦૧૩ સુધીના ગાળામાં ચીનમાં ભારતના રાજદૂત તરીકે રહ્યા હતા. કોઈપણ ભારતીય રાજદૂત આટલા લાંબા ગાળા સુધી ચીનમાં ફરજ બચાવી શક્યા નથી. ચીનમાં નેતૃત્વ સાથે તેમની વાતચીતનો દોર આવતીકાલે શરૂ થશે. તેઓ જુદા જુદા નેતાઓ સાથે બેઠક યોજનાર છે.

સ્થિતિ ગંભીર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે તેમાં એર્નાકુલમ, ઈડુકી, પલક્કડનો સમાવેશ થાય છે. એનડીઆરએફની ૧૩ ટીમો કેરળ પહોંચી ચુકી છે. એર્નાકુલમમાં લોકોના ઘરમાં પાણી ઘુસી ગયા છે. કોઝિકોડમાં જળબંબાકારની સ્થિતી જોવા મળી રહી છે. કોચિ એરપોર્ટ ખાતે કામગીરી આંશિકરીતે ફરી શરૂ કરવામાં આવી છે. કેરળમાં વર્ષ ૨૦૧૮માં પણ ભારે વરસાદ થયો હતો. વર્ષ ૨૦૧૮માં ૪૧૭ લોકોના મોત થયા હતા. તમામ પુરગ્રસ્ત રાજ્યોમાં મુખ્યપ્રધાન હવાઈ સર્વેક્ષણ કરીને માહિતી મેળવી રહ્યા છે. અહીં ૧.૬૫ લાખથી પણ વધારે લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી લેવામાં આવ્યા છે. જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલુ છે. પરિવહન સેવા અસરગ્રસ્ત વિસ્તારોમાં ઠપ્પ થઈ ચુકી છે. ૧૩૧૮ રાહત કેમ્પોમાં ૧.૬૫ લાખ લોકોને ખસેડી લેવામાં આવ્યા છે. મુખ્યપ્રધાન વિજયન દ્વારા આર્મીની મદદ લેવામાં આવી રહી છે.

અહેવાલ ખોટા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દિલબાગસિંહે કહ્યું હતું કે, છેલ્લા એક સપ્તાહથી ખીણમાં બિલકુલ શાંતિ પ્રવર્તી રહી છે. જમ્મુ કાશ્મીર પોલીસનું કહેવું છે કે, કાશ્મીર ખીણમાં પોલીસ ગોળીબાર સાથે સંબંધિત પ્રાયોજિત અને ઉશ્કેરણીજનક અહેવાલોને લઈને સામાન્ય લોકોએ વિશ્વાસ કરવો જોઈએ નહીં. છેલ્લા છ દિવસમાં એક પણ ગોળી ચાલી નથી. તમામ વિસ્તારોમાં સંપૂર્ણ શાંતિ પ્રવર્તી રહી છે. સ્થાનિક લોકો મદદમાં ઉતરી આવ્યા છે. પોલીસ મહાનિર્દેશક દિલબાગસિંહે કહ્યું છે કે, પથ્થરમારાની એક ઘટના બની છે પરંતુ સ્થિતિને કાબૂમાં લઈ લેવામાં આવી છે. કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીના નિવેદન બાદ રાજ્યની સ્થિતિના સંદર્ભમાં સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. રાહુલ ગાંધીએ નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, સ્થિતિ ચિંતાજનક છે. મોદી અને કેન્દ્ર સરકાર ઉપર રાહુલે આક્ષેપ કર્યા હતા. જમ્મુ કાશ્મીરમાં શું થઈ રહ્યું છે તે અંગે માહિતી આપવા બંનેને રાહુલે કહ્યું હતું. ગાંધીના નિવેદનને મિનિટો બાદ જ શ્રીનગર પોલીસ તરફથી ટ્વિટ કરીને માહિતી આપવામાં આવી હતી કે, ખીણમાં સ્થિતિ બિલકુલ સામાન્ય છે. કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના બની નથી.

પૂર્ણ ખાત્મો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અસમંજસની સ્થિતિ ન હતી. કાશ્મીર પર શું અસર થશે તેને લઈને પણ કોઈ ચિંતા નહતી. સરકાર પહેલાથી જ માની રહી હતી કે, કાશ્મીરમાં ખુશાલી આવશે અને લોકોના જીવન ધોરણમાં સુધારો થશે. જમ્મુ કાશ્મીર વધારે વિકસિત થઈને આગળ આવશે. કાશ્મીરમાંથી આતંકવાદનો ખાત્મો થશે. વિકાસના માર્ગ ઉપર ખીણમાં પ્રગતિ થશે. શાહે નાયડુનો આભાર વ્યક્ત કરતા કહ્યં હતું કે, રાજ્યસભામાં અમારી પૂર્ણ બહુમતિ નથી જેથી અમે નિર્ણય લઈ ચુકયા હતા કે, પહેલા રાજ્યસભામાં જ આ બિલને રજૂ કરવામાં આવશે. ત્યારબાદ લોકસભામાં રજૂ કરવામાં આવશે. વેંકૈયા નાયડુએ રાજ્યસભાના ગૌરવને નીચે જવા દીધું નથી. શાહે એમ પણ કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાંથી હવે આતંકવાદ ખતમ થશે.

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

પગલાં લેવા ઉપરાંત આગામી ચૂંટણી જીતવા માટે આ અનિવાર્ય હતું. દેશભરની જનભાવના પણ આ રાજ્યને વિશેષ દરજ્જો સમાપ્ત કરીને મુખ્યધારામાં લાવવાના પક્ષે હતી.

વિધાનસભાનું પુનર્ગઠન

કેન્દ્રશાસિત જમ્મૂ-કાશ્મીરમાં વિધાનસભાની બેઠકોનું પુનર્ગઠન થતાં પ્રદેશમાં હવે જમ્મૂ-કેન્દ્રિત રાજકારણનો યુગ બેસવાનો. ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવના મિલન સમી પીડીપી-ભાજપની સરકારના સમારંભમાં મુખ્યમંત્રી મુફ્તી મહમ્મદ સઈદ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રધ્વજ સાથે જ રાજ્યના ધ્વજની સાક્ષીએ બેસવું પડ્યું હતું. હવે માત્ર રાષ્ટ્રધ્વજ ફરકશે. જમ્મૂ-કાશ્મીરની ૮૭ વિધાનસભા બેઠકોને હવે ૧૧૪ સુધી લઈ જવાઈ છે. અત્યાર લગી રાજ્યના લદ્દાખની ૪ વિધાનસભા બેઠકો સહિત ૮૭ બેઠકોની ચૂંટણી થતી હતી. એમાં બહુમતી બેઠકો કાશ્મીર ખીણ પ્રદેશની હતી.પાકિસ્તાને ગપચાવેલા જમ્મૂ-કાશ્મીરની ૨૪ બેઠકો ખાલી રાખવામાં આવતી રહી છે. નવી વ્યવસ્થામાં પણ ૨૪ બેઠકો ખાલી રહેશે. વિધાનસભાની મુદત ૬ વર્ષને બદલે પાંચ થશે અને કેન્દ્રશાસિત જમ્મૂ-કાશ્મીરને કાયદો અને વ્યવસ્થા તેમજ પોલીસ વિષયક કાયદા ઘડવાનો અધિકાર નહીં રહે. અત્યાર લગી ભારત સરકારના અમુક કાયદા રાજ્યની વિધાનસભા મંજૂર કરે તો જ લાગુ પડતા હતા,પરંતુ હવે ભારતના તમામ કાયદા અહીં સીધા જ લાગુ પડશે. જમ્મૂ-કાશ્મીરના અલગ બંધારણની સમાપ્તિ થકી રાજ્યને મુખ્યધારામાં લાવવાનું શક્ય બનશે, એવું અપેક્ષિત મનાય છે. વાજપેયી સરકારના કાશ્મીર બાબતોના સલાહકાર અને ભારતીય ગુપ્તચર એજન્સી ‘રૉ’ના વડા રહેલા એ.એસ.દુલાતનું કહેવું છે કે રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વહેંચી દેવાતાં આતંકવાદ વકરશે.

રાજવી પરિવારનો મત

મહારાજા હરિસિંહના કુંવર અને રાજ્યના સદર-એ-રિયાસત તેમજ રાજ્યપાલ રહેલા કૉંગ્રેસી નેતા ડૉ.કર્ણસિંહની વર્તમાન કેન્દ્ર સરકારને જમ્મૂ-કાશ્મીરની બાબતમાં કોઈ ઉતાવળિયું પગલું નહીં ભરવાની સલાહ હતી. જોકે ડૉ.સિંહે નવા ફેરફારોને સાવધાનીપૂર્વક આવકારીને રાજ્યનો દરજ્જો શક્ય એટલો જલદી બહાલ કરવા ઉપરાંત ધરપકડ કરાયેલા નેતાઓને છોડી મૂકવાની માંગણી કરી છે. પોતે છેક ૧૯૬૫માં લદ્દાખને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવાના સમર્થક હોવાનું જણાવ્યું છે. વર્ષ ૨૦૧૬માં તેમણે રાજ્યસભામાં કરેલા ભાષણમાં જમ્મૂ-કાશ્મીરના સ્વરૂપને કોઈપણ રીતે બદલવાનો વિરોધ કર્યો હતો. જમ્મૂ-કાશ્મીર ત્રણ પ્રદેશ નથી પણ એક જ પ્રદેશ છે, એ વાત પર એમણે ભાર મૂક્યો હતો. કશ્મીરિયત સાથે જ જમ્મૂઈયત અને લડાખીઝ સંગઠિત છે. સ્વાભાવિક છે કે મહારાજાના પરિવાર માટે તો પાકિસ્તાને કે ચીને ગપચાવેલો રાજ્યનો પ્રદેશ પણ પોતીકો જ છે. મહારાજા હરિસિંહ થકી ૨૬ ઑક્ટોબર ૧૯૪૭ના રોજ ભારત સાથેના વિલયપત્ર પર હસ્તાક્ષર કરાયા પછી એમના સંપૂર્ણ રજવાડાનો પ્રદેશ ભારતનું અવિભાજ્ય અંગ છે. સંસદમાં એકથી વધુ વખત સર્વાનુમતે જમ્મૂ-કાશ્મીર ભારતનું અવિભાજ્ય અંગ હોવાના ઠરાવ થયેલા છે. નવાઈ એ વાતની છે કે મહારાજાના વંશજો એમના વિરોધી શેખ અબદુલ્લાના પક્ષમાં પણ રહ્યા છે. ડૉ.કર્ણ સિંહના નાના કુંવર ‘‘મિયાં’’ અજાતશત્રુ સિંહ નેશનલ કૉન્ફરન્સમાં હતા અને ડૉ.ફારુક અબદુલ્લાની સરકારમાં મંત્રી પણ રહ્યા. વર્ષ ૨૦૧૪માં જ તેઓ નેશનલ કૉન્ફરન્સ છોડીને ભાજપમાં સામેલ થયા હતા. એમના મોટાભાઈ ‘‘મિયાં’’ વિક્રમાદિત્ય સિંહ મુફ્તી મોહમ્મદ સઈદ અને મહેબૂબા મુફ્તીની પીડીપીમાં જોડાયા હતા. બંને ભાઈ